તલોદ માર્કેટયાર્ડ પાછળથી ૬૮ ગ્રામ ગાંજો પકડાયો

એસઓજીએ ૬૮ ગ્રામ જથ્થો કબ્જે લીધો

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે આવેલ માર્કેટયાર્ડની પાછળ બારદાનનો ધંધો કરતા એક શખ્સ પાસેથી શુક્રવારે બાતમીને આધારે એસ.ઓ.જી.ની ટીમે દરોડો પાડીને આ શખ્સ પાસેથી અંદાજે ૬૮ ગ્રામ ગાંજાનો જથ્થો કબ્જે લઈ તેની વિરૂદ્ધ નારકોટીક્સ એક્ટ અંતર્ગત અટકાયત કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે એસઓજીના એમ.વી. ઉપાધ્યાય તથા એસ.એન. પરમારના જણાવાયા મુજબ તલોદ માર્કેટયાર્ડ પાછળ બારદાનનો ધંધો કરતો એક શખ્સ નશીલા પદાર્થોનો ગેરકાયદે વેચી રહ્યો હોવાની બાતમી મળતા એસઓજીના અધિકારીઓએ શુક્રવારે બપોર બાદ તલોદ આવી માર્કેટયાર્ડ પાછળ બારદાનનો ધંધો કરતા આશાજી ઉર્ફે આશારામ માવજી વણઝારા (રહે. રામનનગર, તલોદ)ની પુછપરછ કરતાની સાથે ભાંગી પડ્યો હતો. ત્યારબાદ એસઓજીએ તેની પાસેથી ગેરકાયદે રીતે પડીકીઓ બનાવીને વેચતો ૬૮ ગ્રામ ગાંજાનો જથ્થો ઝડપી લીધો હતો અને તેની વિરૂદ્ધ નારકોટીક્સ એક્ટ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસાના રેપડીમાંના મંદિરમાં

૧૫૦ ગ્રામ ગાંજા સાથે ઝડપાયેલ ૨ શખ્સોના ૪ દિવસના રિમાન્ડ

મોડાસા, તા. ૨૫

મોડાસાના માઝુમ નદીના કિનારે આવેલા રેપડીમાંના મંદિરમાં

બની બેઠેલ સંત અને એક મહિલા છેલ્લા એક વર્ષથી ગાંજાનો ગેરકાયદેસર વેપલો કરી યુવાધનને બરબાદીના પંથકમાં ધકેલાતા હોવાની બાતમી જીલ્લા એસઓજી પોલીસને મળતા બાતમીના આધારે બુધવારે સાંજના સુમારે રેડ પાડી મંદિરમાં મહંત તરીકે રહેતા વિનયગીરી શિવરાજગીરી અને સ્થાનિક યુવાન ચિરાગ ખત્રીને ૧૫૦ ગ્રામ ગાંજાના જથ્થા સાથે દબોચી લીધા હતા. સમગ્ર પ્રકરણમાં વધુ તપાસ માટે મોડાસા કોર્ટમાં રજુ કરતા ગુન્હાની ગંભીરતા સમજી નામદાર કોર્ટે બંને આરોપીઓના ૪ દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવતા આગામી સમયમાં સમગ્ર ગાંજાના રેકેટનો પર્દાફાશ થવાની સાથે અન્ય શખ્સોની સંડોવણી બહાર આવે તો નવાઈ નહિ. જીલ્લા એસઓજીની કામગીરીની સરાહના જિલ્લાવાસીઓએ કરી હતી.

ડીસાનો રમતવીર વિદ્યાર્થી જુડો સ્પર્ધામાં રાષ્ટ્રીય સ્તરે પસંદગી પામ્યો

ડીસા નજીક કાંટ ખાતેની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનો વિદ્યાર્થી જુડો સ્પર્ધામાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે રહેતા હવે આ

વિદ્યાર્થી નેશનલ લેવલે રમવા ચંડીગઢ જશે. ડીસા તાલુકાના કાંટ ગામમાં ચાલતી સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત લો કોલેજ સંકુલમાં આ વર્ષથી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની શરૂઆત થઇ છે. ત્યારે આ નવી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ પણ સફળતાના શિખરો સર કરવા લાગ્યા છે.. તાજેતરમાં ઉત્તર ગુજરાત યુનીવર્સીટી દ્વારા યોજાયેલી આંતર કોલેજ ઝૂડો સ્પર્ધામાં સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થી યોગેન્દ્ર બારોટે પ્રથમ ક્રમ મેળવી કોલેજ સહીત ડીસાનું ગૌરવ વધાર્યું છે. ત્યારે આજે કાંટ સ્થિત સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કોલેજ ખાતે કોલેજ સંકુલના આચાર્યા ડો. રાજુલબેન દેસાઈ, કાંટ ગામના સરપંચ જયંતિજી ઠાકોર, પીયુશભાઇ કાનુડાવાળા, કલ્પેશભાઈ ઠક્કર, જોગેશભાઈ ઠાકોર, સહીત કોલેજના સ્ટાફે આ રમતવીર વિદ્યાર્થીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે યુનીવર્સીટીમાં પ્રથમ આવેલા વિદ્યાર્થીએ પણ કોલેજના પ્રાધ્યાપકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

ભાઈ-બહેનના પ્રેમને ઉજાગર કરતા રક્ષાબંધનના પાવન પર્વને પણ મોંઘવારી નડી

ભિલોડા,તા.૨૫

ભાઈ-બહેનના પ્રેમને ઉજાગર કરતા રક્ષાબંધનના પાવન પર્વને પણ ધરખમ મોંઘવારી નડી રહી છે.સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં રાખડીને મોંઘવારીનું ગ્રહણ લાગતાં ભાવમાં ધરખમ વધારો જોવા મળ્યો હતો.ગત વર્ષે જે રાખડી રૂા.૫૦/-માં મળતી હતી તે આ વર્ષે રૂા.૮૦/-માં મળી રહી છે.બહેનાને ભાઈ કે કલાઈ પર પ્યાર બાંધા હૈ.. ભાઈ-બહેનના પ્રેમને ઉજાગર કરતા રક્ષાબંધન પર્વની પુર્વ સંધ્યાએ બાજારોમાં કીડીયારા ઉભરાયા હતા. બજારોમાં ધુમ ઘરાકી જોવા મળી હતી.બજારોમાં ઠેર-ઠેર અવનવી રાખડીઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી. મોદી અને યોગીની રાખડી બજારમાં ધુમ મચાવી રહી છે.

રાખડીમાં મોંઘવારી

૨૬મી ઓગસ્ટને રવીવારના રોજ રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવશે ત્યારે બહેન પોતાના વ્હાલસોયા ભાઈને રાખડી બાંધી તેના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરશે તો ભાઈ બહેનની રક્ષા કરવાની જવાબાદારી સ્વીકારશે તેમ જાણવા મળેલ છે. બજારોમાં લોકો રાજસ્થાની રાખડી, સુખડ, રૂદ્રાક્ષની રાખડીઓની પણ ખુબ માંગ જોવા મળી હતી. બાળકોમાં લોકપ્રિય હોય તેવી ટોમ ઝેરી,છોટા ભીમ, બેનટેન, મોટુ-પતલું કાર્ટુનવાળી અવનવી અદ્યતન રાખડીઓએ ભારે આકર્ષણ જમાવ્યું છે.

ભિલોડામાં રક્ષાબંધનના પર્વની પુર્વ સંધ્યાએ બજારોમાં લોકોના કીડીયારા ખરીદી અર્થે ઉભરાયા હતા.રાખડી, મીઠાઈ, સોના-ચાંદી, કરીયાણાના વેપારીઓની દુકાનોમાં ધુમ ઘરાકી જોવા મળતી હતી. વેપારીઓને જાણે કે ઘી-કેળા થઈ ગયા હતા. રક્ષાબંધન (બળેવ)ના દિવસે બ્રાહ્મણો સામુહિક રીતે ભેગા મળી વિધિવિધાન પુર્વક જનોઈ બદલતા હોય છે. બ્રહ્મ સમાજ માટે બળેવ એટલે મોટામાં મોટો તહેવાર ગણાય છે.બળેવના દિવસે બ્રહ્મ સમાજ ધ્વારા સામુહિક જનોઈ બદલવાનો ધાર્મિક કાર્યક્રમ ઠેર-ઠેર યોજાય છે. આજની નવી પેઢીના નવયુવાનો ખુબ ઓછા પ્રમાણમાં માહિતગાર હોઈ છે.શું છે આ યજ્ઞોપવિત સંસ્કાર,તેનાથી શાસ્ત્રીય, વૈજ્ઞાનિક, આધ્યાત્મિક તેમજ સ્વાસ્થ્યની દ્રષ્ટીએ જનોઈ ખુબ જ ફાયદાકારક છે.

યજ્ઞોપવિતનું મહત્વ:-યજ્ઞોપવિત ભારતીય સંસ્કૃતિનું મૌલિક સુત્ર છે. જેનો સીધો સબંધ આપણા આધ્યાત્મિક આધિ દૈવિક અને આધિભૌતિક જીવનથી છે. યજ્ઞોપવિત એટલે કે જનોઈને યજ્ઞસુત્ર,બ્રહ્મસુત્ર પણ કહેવાય છે. ડાબા ખભા પર સ્થિત જનોઈ દેવભાવ અને જમણા ખભા પર સ્થિત જનોઈ પિતૃભાવ દર્શાવે છે. મનુષ્યત્વથી દેવતત્વ પ્રાપ્ત કરવા માટે યજ્ઞોપવિત એક સશક્ત સાધન છે. જનોઈનો સ્વાસ્થ્ય સાથે બહું ઉડો સબંધ છે. જનોઈ પહેરવાથી આરોગ્ય માટે ઘણા ફાયદા થાય છે.

ઊંઝાથી સૌરાષ્ટ્ર-કચ્છ સાથેની બસ સેવા શરૂ કરવા તીવ્ર માંગણી

ઊંઝા, તા. ૨૪

વેપારી મથક અને યાત્રાધામ ઊંઝા એસ.ટી. ડેપો દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજયના મહત્વના સ્થળોને જોડતા નવિન બસ રૂટો શરૂ કરવા માટે મુસાફર જનતાની માગણી ઉઠી છે.

ઊંઝા એસ.ટી. ડેપો અ વર્ગ ધરાવે છે, પરંતુ તેની વિવિધ રૂટો પર દોડતી શિડ્યુલ બસો પૈકી મોટાભાગની લોકલ સર્વિસો છે. જ્યારે જૂજ સર્વિસો એક્સપ્રેસ છે. જેમાં સુરત, નખત્રાણા, જૂનાગઢ, સાવરકુંડલા, છોટાઉદેપુર, વડોદરા, અમદાવાદ અને મોડાસાનો સમાવેશ થાય છે. ઊંઝા વેપારી મથકની સાથે કડવા પાટીદારોના કુળદેવી ઉમિયા માતાજીનુ મોટુ યાત્રાધામ છે. વધુમાં નજીકમાં ઉનાવા પણ સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ છે. જેમાં મીરાંદાતારની દરગાહ હોઈ આ બંને યાત્રાસ્થળોએ ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં યાત્રાળુઓની અવરજવર થાય છે.

આ ઉપરાંત ઊંઝા વેપારી મથક હોવાથી બહારથી ખેડૂતો અને વેપારીઓની પણ આવ-જા થતી રહે છે. ત્યારે રાજ્યના સૌરાષ્ટ્ર-કચ્છ અને મધ્ય તથા દક્ષિણ ગુજરાતના મહત્વના યાત્રાસ્થળો, શહેરો, નગરોને જોડતી એસ.ટી. બસ સર્વિસો સાવ ઓછી હોવાથી મુસાફરોને પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે. સને ૧૯૯૦ની સાલમાં ઊંઝા એસ.ટી. ડેપો વિધિવત રીતે અમલી બન્યો હતો. આજે ૨૮ વર્ષનો સમયગાળો વિતી જવા છતાં ઊંઝા ડેપોને ખાસ કોઈ નવિન બસ રૂટોની ફાળવણી કરવામાં આવી નથી. તદઉપરાંત પડોશી રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજ્યના કોઈપણ શહેરનો જોડતી આંતરરાજ્ય કોઈ બસ સર્વિસ શરૂ કરાયેલ નથી. ઊંઝામાં રાજસ્થાનના અસંખ્ય પરિવારો ધંધા અને મજુરી અર્થે વસવાટ કરી રહ્યા છે. જેઓને પોતાના વતનમાં જવા-આવવા માટે અહીંથી કોઈ સીધી બસ સગવડ ઉપલબ્ધ નથી. તેમજ ઉ.ગુ.ના મહેસાણા, પાટણ, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાના મહત્વના જીલ્લા તાલુકા મથકો તેમજ યાત્રાધામોને જોડતી બસ સર્વિસો નથી.

આ બાબતે એસ.ટી.ના વરિષ્ઠસ ત્તાધિશોએ મુસાફરજનતાની લાગણી અને માગણીને ધ્યાનમાં લઈને રાજ્યના મહત્વના યાત્રાસ્થળો, શહેરો અને નગરોને જોડતી નવિન બસ સર્વિસો વહેલીતકે શરૂ કરવી જરૂરી છે. આમ થાય તો સ્થાનિક અને બહારના મુસાફરોને આવ-જા કરવામાં સારી બસ સગવડ મળી રહે તેમ છે.

નિવૃત્ત કર્મચારીઓને હાયર પેન્શન ન મળતા નિરાશા

હિંમતનગર, તા. ૨૫

કર્મચારી ભવિષ્યનિધિ ફંડ સંગઠન (ઈ.પી.એફ.ઓ.) દ્વારા સવા વર્ષ અગાઉ માર્ગદર્શિકા બહાર પાડી હતી. જેમાં નિવૃત્ત કર્મચારીઓને મળવા પાત્ર હાયર પેન્શન બાબતે કરાયેલા ફેરફારને કારણે નિવૃત્ત કર્મચારીઓમાં અસંતોષ ફેલાયો હતો. જેથી શુક્રવારે હિંમતનગર ખાતે યોજાયેલ વિદ્યુત નિવૃત્ત કર્મચારી મંડળના નેજા હેઠળ મળેલી બેઠક બાદ સંસદસભ્યને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

વિદ્યુત નિવૃત્ત કર્મચારી મંડળ દ્વારા અપાયેલા આવેદનપત્રમાં જણાવાયા મુજબ કર્મચારી ભવિષ્યનિધિ ફંડ દ્વારા નિવૃત્ત કર્મચારીઓને મળવા પાત્ર હાયર પેન્શનમાં ફેરફાર કરવાની કરાયેલા ભલામણોને કારણે નિવૃત્ત કર્મચારીઓને વ્યાપક નુકશાન થવાની શક્યતા છે. જેથી નિવૃત્ત કર્મચારીઓને અન્યાય ન થાય તે માટે રાષ્ટ્રીયકક્ષાના નિવૃત્ત કર્મચારી મડળે ઉઠાવેલા સુર સંદર્ભે શુક્રવારે હિંમતનગર ખાતે વિદ્યુત નિવૃત્ત કર્મચારી મંડળના નેજા હેઠળ બેઠક મળી હતી. જેમાં ઈ.પી.એફ.અંગે ચર્ચા કરાયા બાદ સાબરકાંઠાના સાંસદને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં સહકારી બેંકો, એસ.ટી. નિગમ, સાબરડેરી તથા નાગરીક બેંકોના નિવૃત્ત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હિંમતનગર તાલુકા પંચાયતમાં સામાજીક ન્યાય સમિતિ વિપક્ષે કબજે કરી

કારોબારી સમિતિમાં અચાનક ચેરમેન બદલી નંખાતા જુથવાદ દેખાયો

હિંમતનગર, તા. ૨૫

હિંમતનગર તાલુકા પંચાયતની શુક્રવારે મળેલી સામાન્ય સભામાં સત્તાધારી ભાજપ પક્ષમાં ચાલી રહેલા જુથવાદને કારણે અચાનક કારોબારી સમિતિના સભ્યનું નામ છેલ્લી ઘડીએ બદલી નાખવામાં આવ્યુ હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. તો બીજી તરફ વિરોધ પક્ષ કોંગ્રેસે ભાજપ પાસેથી સામાજીક ન્યાય સમિતિ આંચકી લઈ તેમાં કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યને ચેરમેન પદે બેસાડી દેતા ભાજપ માટે નીચાજોણુ થવુ પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી.

આ અંગે તાલુકા પંચાયતના આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગત સામાન્ય સભામાં વિવિધ સમિતિઓની રચના બાબતે થયેલી ચર્ચામાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સામાજીક ન્યાય સમિતિના સભ્યોની પસંદગી બાબતે થયેલી શાબ્દિક ટપાટપી બાદ તાલુકા વિકાસ અધિકારીએ દરમ્યાનગીરી કરીને ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા કર્યા બાદ નિર્ણય લેવામાં આવશે. તેવી હૈયાધારણ આપ્યા બાદ મામલો થાળે પડ્યો હતો. તો બીજી તરફ શુક્રવારે તાલુકા પંચાયતની મળેલી સામાન્ય સભામાં એજન્ડામાં જણાવાયા મુજબ કારોબારી અને સામાજીક ન્યાય સમિતિના ચેરમેનની નિમણુંક અંગે ચર્ચા થઈ ગઈ હતી. જેમાં તમામ સભ્યોની ઉપસ્થિતિમાં કરાયેલી ચર્ચા બાદ કારોબારી સમિતિના ચેરમેન તરીકે નવા બેઠક પરથી ચુંટાયેલા સભ્યને ચેરમેન બનાવાયા હતા. તો બીજી તરફ સામાજીક ન્યાય સમિતિમાં ચેરમેનની વરણી બાબતે ભાજપ અને કોંગ્રેસના સભ્યો વચ્ચે હુંસાતુંસી શરૂ થઈ ગઈ હતી. જેમાં કાયદાની જોગવાઈ મુજબ આ સમિતિ કોંગ્રેસના ફાળે ગઈ હતી. જેમાં વક્તાપુર બેઠક પરથી ચૂંટાયેલા કોંગ્રેસના સભ્યને ચેરમેન પદે જાહેર કરાયા હતા.

ઉપરાંત આ સામાન્ય સભામાં સત્તાધારી ભાજપ દ્વારા પક્ષના નેતા અને દંડકના નામની જાહેરાત કરવામાં આવી હતી. તાલુકા પંચાયતના આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુરૂવારે સાંજ સુધી ભાજપના સક્રીય અને લોકોના પ્રશ્નને વાચા આપતા સભ્યના નામનો છેદ ઉડાવીને તેમના સ્થાને અન્ય સભ્યની કારોબારી સમિતિના ચેરમેન તરીકે જાહેરાત કરાતા કેટલાંક સભ્યોમાં નારાજગી પ્રસરી જવા પામી છે.

કઈ સમિતિમાં કોણ ચુંટાયું

કારોબારી સમિતી	લાલસિંહ કચરસિંહ ઝાલા
સામાજીક ન્યાય સમિતી	કમલેશભાઈ કાંતીભાઈ પરમાર
દંડક	નરેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલ
પક્ષના નેતા	પ્રકાશભાઈ વૈદ્ય

ન્યાય સમિતિમાં કોંગ્રેસને કેમ સ્થાન મળ્યું ?

તાલુકા પંચાયતમાં સામાજીક ન્યાય સમિતીમાં કોંગ્રેસના વક્તાપુર બેઠક પરથી ચુંટાયેલા કમલેશભાઈ પરમારને ચેરમેન બનાવાયા છે ત્યારે તે પાછળનું કારણ એ છે કે ગત સામાન્ય સભામાં ભાજપ પાસે બે જ્યારે કોંગ્રેસ પાસે ત્રણ સભ્યો હોવાથી બંને પક્ષોએ કરેલી દરખાસ્તમાં ભાજપને સફળતા મળી ન હતી. જેથી શુક્રવારે મળેલી સામાન્ય સભામાં કોંગ્રેસને કાયદાકીય રીતે સામાજીક ન્યાય સમિતીનું ચેરમેન પદ મળ્યું છે.

ભિલોડામાં સ્વ. અટલ બિહારી વાજપેયીજીના નિધન પર પ્રાર્થના સભા

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીના હોલમાં સર્વપક્ષીય સંગઠનો ધ્વારા ભારત રત્ન પુર્વ વડાપ્રધાન સ્વ.અટલ બિહારી વાજપેયીજીના નિધન પર પ્રાર્થના સભા અને શ્રધ્ધાંજલી,પુષ્પાંજલી અર્પવાનો કાર્યક્રમ યોજાયો હતો. અટલજીની પ્રાર્થના સભામાં ભાવભીની શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ હતી. પુર્વ વડાપ્રધાન શ્રધ્ધેય અટલ બિહારી વાજપેયીજીના સંસ્મરણો વાગોળ્યા હતા.

અરવલ્લી આરોગ્ય વિભાગમાં ૪૧ હેલ્થ વર્કરોની ડીગ્રી સામે તપાસનો ધમધમાટ

પરપ્રાંતની ત્રણ યુનીવર્સિટીની માન્યતા સામે સવાલ ઉઠતા નિર્ણય લેવામાં આવ્યો

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લામાં બોગસ યુનિવર્સીટીની ડીગ્રી મેળવી મલ્ટી પર્પજ હેલ્થ વર્કરમાં ફરજ બજાવતા ૪૧ કર્મચારી ઓને હાઈકોર્ટની સૂચના બાદ જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા નોટિસ આપી ખુલાસો આપવા જણાવાયું છે. જેના પગલે આ કર્મચારીઓમાં ઘરભેગા થવાના ભયથી ફફડાટ વ્યાપ્યો છે.

રાજયમાં મલ્ટી પર્પજ હેલ્થ વર્કર પુરુષની ભરતીમાં ૪ અમાન્ય યુનિવર્સીટીઓના પ્રમાણપત્રોની ચકાસણી કરવા રાજય સરકારના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રાજયના તમામ જિલ્લા વિકાસ અધિકારીઓને આદેશો કરાયા છે. જેના પગલે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા આવા ૪૧ કર્મચારીઓને અરવલ્લી જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા નોટિસો આપી ખુલાસો માંગવામાં આવ્યો છે. ત્યારે અરવલ્લી જિલ્લા પંચાયતમાં આવા ૪૧ કર્મચારીઓ કે જેમણે વિનાયક મિશન યુનિવર્સીટી શેલમ તામિલનાડુ, માનવ ભારતી યુનિવર્સીટી હિમાચલપ્રદેશ અને સનરાઈજ યુનિવર્સીટી તેમજ ઓપીજીએસ યુનિવર્સીટી ચુલું રાજસ્થાનમાંથી ડીગ્રી મેળવી નોકરી મેળવી છે ત્યારે આવા કર્મચારીઓનો ગાળિયો કસાતા આવા કર્મચારીઓમાં ઘરભેગા થવાની બીકે ફફડાટ વ્યાપ્યો છે. ત્યારે નામદાર હાઈકોર્ટના આદેશ બાદ હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં કર્મચારીઓની માર્કશીટની હાલ ચકાસણી કરવામાં આવી રહી છે અને ત્યાર બાદ રિપોર્ટ સરકારમાં મોકલવામાં આવનાર છે ત્યારે સરકાર આ અંગે નિર્ણય લેશે.

ડીસાની કલરવ શાળાના બાળકોએ રક્ષાબંધન પર્વની કરી અનોખી ઉજવણી

પોલીસ પ્રજાની મિત્ર છે.જોકે પોલીસમિત્રો પ્રત્યે બાળકોમાં ભય ઘર કરી ગયો છે. તે ડર દુર કરવા શાળાઓ દ્વારા અવારનવાર બાળકોને પોલીસ મથકે લઈ જઈ માહિતી સભર માર્ગદર્શન અને સલાહ સુચનો અપાય છે. જે અંતર્ગત ગતરોજ ડીસાની કલરવ સ્કુલના નાના ભુલકાઓ તેમજ શિક્ષકોએ ડીસાના દક્ષિણ પોલીસ મથક પોલીસમાં પહોંચી જઇ પોલીસમિત્રોને મોં મીઠું કરાવી રાખડી બાંધી રક્ષાબંધનની અનોખી ઉજવણી કરી હતી. દક્ષિણ પોલીસ મથકના પોલીસ કર્મચારીઓને નાના ભુલકાંઓએ મોઢુ મીઠું કરાવી પોલીસ મિત્રોને રાખડી બાંધી હતી. જયારે પોલીસ પ્રત્યેના ડરને ભગાવવા અને પોલીસની સાથે હંમેશા મદદરૂપ બનવા અને મિત્રભાવે વર્તવાનો સંદેશ રેલાવવા આ કાર્યક્રમ યોજાયો હતો. પોલીસમિત્રોએ પણ નાના ભુલકાંઓ પાસે રાખડી બંધાવી પોતાનું તેમજ ભુલકાઓનું મોં મીઠું કરાવી આગવી મિત્રતાના દર્શન કરાવ્યા હતા. આ કાર્યક્રમમાં કલરવ શાળાના નાના ભુલકાઓ અને શાળાના શિક્ષકગણે ઉપસ્થિત રહી કાર્યક્રમને દિપાવ્યો હતો.

પ્રાંતિજના અમીનપુર ખાતે જિલ્લા કક્ષાનો ચોથા તબક્કા સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અમીનપુર ખાતે

ચોથા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અમીનપુર સહિત આજુબાજુના દસ ગામોના લોકોએ લાભ લીધો હતો.

પ્રાંતિજના અમીનપુર ખાતે આવેલ પ્રાથમિક શાળામાં સરકાર દ્વારા આયોજીત ચોથા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં લાભાર્થીઓને લાભ મળે તે હેતુથી સ્થળ ઉપર આખી કચેરી ઉભી કરવામાં આવી હતી. જેમાં રેશનકાર્ડ, આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, મા અમૃત યોજના, વાત્સલ્ય કાર્ડ સહિતની યોજનાઓનો સ્થળ ઉપર તાત્કાલિક લાભાર્થીઓને નોંધણી કરી કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યાં હતા. જયારે પશુપાલન આશય, ગ્રામ વિકાસ પંચાયત, સામાજિક કલ્યાણ આદિજાતિ વિભાગ વગેરે યોજનાઓ માટેની અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો અને અમીનપુર સહિત લાલપુર, શાન્તીપુરા, જૈનપુર, વદરાડ,

મેમદપુર, ધડી, કાલીપુરા સહિતના દસ ગામોમાંથી હજારોની સંખ્યામાં લાભાર્થીઓએ લાભ લીધી હતો. આ પ્રસંગે મહેસુલ મંત્રી કૌશિકભાઇ પટેલ ઉપસ્થિત રહી જિલ્લા કક્ષાના ચોથા તબકકા સેવાસેતુને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ, પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઇ પટેલ, જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, પ્રાંતિજ મામલતદાર આર.કે. પટણી, તાલુકા વિકાસ અધિકારી જે.એચ. કાપડીયા, તાલુકા શિક્ષણાધિકારી ટી.કે. વાઘેલા સહિત ભાજપ જિલ્લા પ્રમુખ જે.ડી. પટેલ સહિત ભાજપ કાર્યકરો આગેવાનો અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. લોકોને સરકારની યોજનાઓ અને લાભ વિશે માહીતિ આપી તેમના પ્રશ્નો સ્થળ ઉપર જ નિકાલ કર્યા હતા. ઉપસ્થિત મહેમાનો દ્વારા વુક્ષારોપણ કરવામાં આવ્યું હતું.